**પ્રોગ્રામ ઓફિસરશ્રી (શહેરી) ની કચેરી**
સંકલિત બાળ વિકાસ સેવા યોજના,
પહેલો માળ, વોર્ડ નંબર-૬ ની કચેરીમાં,
સહજાનંદ એપાર્ટમેન્ટની બાજુમાં, અકોટા, વડોદરા.
ફોન: ૬૩ ૫૯૯ ૨૪૦ ૧૮, ઇ-મેઇલ: icds@vmc.gov.in

વડોદરા મહાનગરપાલિકા સંચાલિત આઇ.સી.ડી.એસ. અર્બન પ્રોજેકટ સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટથી કાર્યન્વિત (પ્રોજેકટ) છે, જેમાં સરકારશ્રી દ્વારા આઇ.સી.ડી.એસ. યોજનાને વધુ સશક્ત બનાવવા વિવિધ પેટા યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે, જેવી કે રાસ્ટ્રીય પોષણ અભિયાન, બાળકોના આધાર એનરોલ્મેન્ટની કામગીરી, કિશોરીઓ માટે પૂર્ણા યોજના, વગેરે. સબબ યોજનાઓ પાછળના ખાસ ઉદ્દેશને સિધ્ધ કરવા જરૂરી એવુ માનવબળ પુરુ પાડી શકાય તે માટે, જેતે પેટા યોજનાઓ માટે અલાયદા આઉટસોર્સીંગ માનવબળની જોગવાઇઓ સરકારશ્રી દ્વારા અવાર નવાર કરવામાં આવે છે, જે પૈકીના નીચે મુજબની જગ્યાઓ/ કાર્યો માટે **૧૧ માસના કરાર આધારીત આઉટ સોર્સીંગ માનવબળ તરીકે સેવા આપવા** માંગતા **ઉમેદવારોની મેરીટ યાદી બનાવવા માટે** રસ ધરાવતા ઉમેદવારો પાસેથી વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in દ્વારા ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર જગ્યા | મહેનતાણું પ્રતિ માસ | શૈક્ષણીક લાયકાત | અનુભવ |
|---|---|---|---|---|---|
| ૦૧ | આધાર નોંધણી ઓપરેટર / ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૬ | રૂ. ૧૦,૬૦૦/- | ૧૨ પાસ બાદ NSEIT ની આધાર ઓપરેટરની પરીક્ષા પાસ કરેલ હોવા જોઇએ. | ૦૨ વર્ષનો આધારમાં કામગીરીનો અનુભવ |

## અગત્યની જરૂરી સુચનાઓ:

૦૧) **જગ્યાનો પ્રકાર:** ઉપરોક્ત જગ્યાઓ/ કાર્યો માટે **૧૧ માસના કરાર આધારીત આઉટ સોર્સીંગ માનવબળ તરીકેની સેવા** મેળવવા માટે છે, કાયમી/ કરાર આધારિત ભરતી નથી.

૦૨) **શૈક્ષણીક લાયકાત:** માટે જેતે કોલમમાં જ જેતે લાયકાતની વિગતો ઓનલાઇન અરજી કરતા સમયે Education Details માં Add More બટન ઉપર ક્લીક કરી ભરવાની રહેશે, જેમાં OTHER1 માં NSEIT ની આધાર ઓપરેટરની પરીક્ષાની વિગતો અને OTHER2 માં કોમ્પ્યુટરને લગત વધારાની લાયકાતની વિગતો ભરવાની રહેશે.

૦૩) **સ્થાનિક નિવાસ:** ઉમેદવારનું કાર્યક્ષેત્ર વડોદરા શહેર હોય, બહારગામના ઉમેદવારો અરજી કરતા પહેલા સ્થાનિક જમવા-રહેવાની વ્યવસ્થા, કામગીરીના સ્થળે આવવા માટે ટ્રાન્સ્પોર્ટેશનની વ્યવસ્થા અને સંલગ્ન તમામ થનાર ખર્ચ તેમજ મળવાપાત્ર માનદ મહેંતાણા અંગેનો વિચાર/ સરવયુ કર્યા બાદ જ અરજી કરવા માટે ભલામણ છે.

૦૪) **પગાર ધોરણ:** સરકારશ્રી દ્વારા નક્કી કર્યા મુજબ **મહેનતાણું નિયમ** મુજબનો વ્યવસાયીક વેરો અને આવકવેરાની કપાત કરી ચુકવવાપાત્ર રકમ મળવાપાત્ર રહેશે, અન્ય કોઇ લાભ મળવાપાત્ર રહેશે નહિ.

૦૫) **વય મર્યાદા:** ૧૧ માસના કરાર આધારીત આઉટ સોર્સીંગ માનવબળ તરીકેની સેવા હોય ઉમરનો કોઇ બાધ નથી.

૦૬) **મળવાપાત્ર રજા:** સરકારશ્રીના નિયમ મુજબ ૧૧ સી.એલ. મળવાપાત્ર રહેશે.

૦૭) **ભથ્થા/ટી.એ./ડી.એ:** સરકારશ્રી દ્વારા જેતે જગ્યા માટે મંજુર કર્યા મુજબ જો કોઇ હશે તો મળવાપાત્ર રહેશે.

૦૮) સબબ જાહેરાત ૧૧ માસના કરાર આધારીત આઉટ સોર્સીંગ માનવબળ તરીકે સેવા આપવા માંગતા ઉમેદવારોની જેતે જગ્યાઓ/ કાર્યો માટે **૦૨ વર્ષની માન્યતા વાળી મેરીટ યાદી બનાવવા** માટે છે.

૦૯) મેરીટ યાદી બનાવવા માટે ઉપયોગમાં લેવાના થતા ગુણાંક પત્રકો પેટામાં સામેલ છે, તે મુજબ મેરીટ તૈયાર કરવામાં આવશે અને મેરીટ યાદી માંથી આઇ.સી.ડી.એસ. અર્બન પ્રોજેકટને જરૂર મુજબના માનવબળની મેરીટ યાદીમાં અનુક્રમે આવતા ઉમેદવારને ૧૧ માસના કરાર આધારીત આઉટ સોર્સીંગ માનવબળ તરીકે સેવા આપવા બોલાવવામાં આવશે અને અરજીમાં આપેલ વિગત મુજબના ડોક્યુમેન્ટનું સંતોષકારક વેરીફિકેશન થયા બાદ તેઓ પાસે ૧૧ માસના કરાર આધારીત આઉટ સોર્સીંગ માનવબળ તરીકેની સેવા મેળવવામાં આવશે.

૧૦) ઉમેદવારે ઓનલાઇન અરજીમાં તમામ વિગતો સાચી અને સચોટ આપવાની રહેશે, જે તમામ વિગત અંતિમ રહેશે અને ડોક્યુમેન્ટનું વેરીફિકેશન તથા કોઇ પણ કક્ષાએ વિગત ખોટી આપેલ હોવાનું જણાશે તો તે ઉમેદવાર ગેરલાયક ઠરાવવામાં આવશે અને તેનું નામ મેરીટ માંથી કમી કરવામાં આવશે, અને આઉટ સોર્સીંગ માનવબળ તરીકે પસંદ થયેલ હશે તો તે પસંદગી પણ રદ થવા પાત્ર રહેશે.

૧૧) ઉમેદવારે ઓનલાઇન અરજીમાં **પોતાનો મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇ.ડી ફરજીયાત** પણે આપવાનું રહેશે, તેના દ્વારા જ ભવિષ્યમાં સંપર્ક કરવામાં આવશે, અને મેરીટ યાદી તૈયાર થયેથી જાણ સારૂ એકવાર વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in ના “Recruitment” શેકસનના “Results” માં પ્રસિધ્ધ કરવામાં આવશે, અને મેરીટ યાદીમાંથી માનદ સેવા માટે પસંદગી પામેલ ઉમેદવારને માત્ર અરજીમાં આપેલ ઇ-મેઇલ ઉપર જાણ કરવામાં આવશે.

૧૨) ઓનલાઇન અરજી કરવાની રીત વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in ના “Recruitment” શેકસનના “How To Apply” માં આપેલ છે, તે રીતે અરજી કરવાની રહેશે, અને ઉક્ત સબંધીત કોઇ પ્રશ્ન હોય તો અત્રેની કચેરીના સબંધિત કર્મચારીનો ૯૯૨ ૪૪૨ ૭૯૩૫ ફોન નંબર ઉપર (વિવેક બુધ્ધીથી) કચેરી સમય દરમ્યાન સંપર્ક કરી શકાશે.

તા: ૧૦/૦૩/૨૦૨૧
સ્થળ: વડોદરા

**સભ્ય સચિવ અને**
**પ્રોગ્રામ ઓફિસર (શહેરી)**
**વડોદરા મહાનગરપાલિકા**

## આઇ.સી.ડી.એસ. અર્બન પ્રોજેકટ, વડોદરા મહાનગરપાલિકા
## આધાર નોંધણી ઓપરેટર / ડેટા એન્ટ્રી ઓપરેટર

| અ.નં. | વિગત | ટકાવારી | ગુણ | મહત્તમ ગુણ |
|---|---|---|---|---|
| ૧ | ૧૨ પાસ બાદ NSEIT Exam નું સર્ટીફિકેટ ધરાવનાર | ૫૦.૦૦ થી ઓછા માટે | ૫ | મહત્તમ - ૩૦ |
| | | ૫૦.૦૧% થી ૫૫.૦૦% | ૧૦ | |
| | | ૫૫.૦૧% થી ૬૦.૦૦% | ૧૫ | |
| | | ૬૦ .૦૧% થી ૬૫.૦૦% | ૨૦ | |
| | | ૬૫.૦૧% થી ૭૦.૦૦% | ૨૫ | |
| | | ૭૦.૦૧% થી વધુ માટે | ૩૦ | |
| ૨ | ૦૨ વર્ષનો આધારમાં કામગીરીનો અનુભવ | ૦૧ થી ૦૨ વર્ષ | ૧૦ | મહત્તમ - ૩૦ |
| | | ૦૨ થી ૦૫ વર્ષ | ૧૫ | |
| | | ૦૫ થી ૦૭ વર્ષ | ૨૦ | |
| | | ૦૭ થી ૧૦ વર્ષ | ૨૫ | |
| | | ૧૦ વર્ષ થી વધુ | ૩૦ | |
| ૩ | જગ્યા માટેની ન્યુનતમ લાયકાત ઉપરાંત તેને લગતની વધારાની | સર્ટીફીકેટ કોર્સ | ૧૦ | મહત્તમ - ૨૦ |
| | | ડિપ્લોમા કોર્સ | ૧૫ | |
| | | ડીગ્રી કોર્સ | ૨૦ | |
| ૪ | કોમ્પુટર કોર્ષના મળવાપાત્ર ગુણાંકન | સર્ટીફીકેટ કોર્સ | ૧૦ | મહત્તમ - ૨૦ |
| | | ડિપ્લોમા કોર્સ | ૧૫ | |
| | | ડીગ્રી કોર્સ | ૨૦ | |
| **કુલ ગુણ** | | | | **૧૦૦ ગુણ** |